# મુસ્લિમ સ્ત્રીઓના ગૌરવનો વિજય: ત્રણ તલાક

શેફાલી મોઢ

**સારાંશ**

આ લેખમાં મુસ્લિમ ત્રણ તલાકની પ્રથા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તે ઈસ્લામિક નિયમો સાથે વ્યવહાર કરે છે કે જે લોકોનું નિયમન કરે છે. અહિ ત્રણ તલાક એ કેટલા અંશે ન્યાયિક છે કે અન્યાયિક છે તે અંગે વિસ્તૃતમાં ચર્ચા કરેલ છે. આ પેપર માં મુસ્લિમ કાયદાના કેટલાક નિયમો અને વાસ્તવિકતા અંગે વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરેલ છે. અત્રે મુસ્લિમ ત્રણ તલાક વિશે કુરાનમાં આપેલી માહિતી ઉપરાંત મુસ્લિમ પર્સનલ લૉમાં છૂટાછેડા માટેની કઈ પ્રક્રિયા અનુસરવામાં આવે છે તેવી તમામ બાબતો અંગે ચર્ચા કરી છે. આમાં ત્રણ તલાક મેળવ્યા બાદ તેવી સ્ત્રીઓની પરિસ્થિતી અને દશા શું થાય છે તે અંગેની બાબતો વિશે પણ વિશ્લેષણ કરાયું છે. આ ચર્ચાની સાથે ત્રણ તલાકનો ભોગ બનેલ સ્ત્રીઓ દ્વારા ભૂતકાળમાં અદાલતમાં કરવામાં આવેલ કેટલાક દાવા અંગે પણ માહિતિ આપેલ છે. હાલમાં તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે આપેલ ત્રણ તલાકના ચુકાદાની ચર્ચા પણ આ લેખમાં કરવામાં આવેલ છે.

---

ચાવીરૂપ શબ્દો : ત્રણ તલાક, મુસ્લિમ પર્સનલ લૉ

---

## ૧. પ્રસ્તાવના

ભારતીય બંધારણ દ્વારા પુરુષ અને સ્ત્રીઓને સમાન અધિકાર આપવામાં આવ્યા છે. અને તે દરેક અધિકાર પુરુષ અને સ્ત્રીને સમાન રીતે લાગુ પડે છે. કયાંય પુરુષોને સ્ત્રીઓ પર દમન કરવાનો અધિકાર આપવામાં આવ્યો નથી. કેટલીક ખોટી માન્યતા અને અર્થઘટનના કારણે મુસ્લિમ મહિલાઓના કુરાનીક અધિકારોનુ ઉલ્લંઘન થાય છે. મુસ્લિમો જોગવાઈઓ પ્રમાણે મહોમેદાન કાયદાને અનુસરે છે, અને તે મુળભૂત રીતે તેમના પયગંબર દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે. કુરાનમાં ત્રણ તલાકની પધ્ધતિ વિશે કંઈ જ જણાવવામાં આવ્યુ નથી.

ત્રણ તલાક એ શરિયત અધિનિયમ દ્વારા સંચાલીત હનફી સ્કુલના સુન્નીઓ વચ્ચે પ્રચલિત પ્રથા છે. ત્રણ તલાક જાણીતા છે, પરંતુ તે છુટાછેડાનું નામંજૂર સ્વરૂપ છે. અને તે ઈસ્લામિક કાયદા શાસ્ત્રી દ્વારા શરીઅતની અંદર એક નવીનીકરણ તરીકે ગણવામાં આવે છે. તેમ છતાં કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા અને કાયમી કાયદો ન બનાવતા ઉમર ખલીફ દ્વારા આ માટેના માત્ર વહીવટી માપ દંડ તૈયાર કરેલ. પરંતુ સમય જતા ત્રણ તલાક સુન્નીઓ વચ્ચે પ્રચલીત બનતા ગયા અને આ કુરાન દ્વારા કે મહોમ્મદ પયગંમ્બર દ્વારા પ્રચલિત કરેલ ન હતાં .

ત્રણ તલાકમાં એક જ સમયે, એક સ્થળ પર વ્યકિત દ્વારા 'ત્રણ વખત તલાક' બોલવામાં આવે છે. જયારે તે લેખિતમાં આપવામાં આવે ત્યારે તે ઈદ્દતના સમય ગાળાને અનુસરવાની જરૂરિયાત વિના તરત કાયમી બની જાય છે. જયારે દંપતિ અલગ થાય છે ત્યારબાદ તેઓ એકબીજા સાથે ફરી લગ્ન કરી શકતા નથી, સિવાય કે તે સ્ત્રી અન્ય પુરુષ સાથે લગ્ન કરે અને તેની પાસેથી પણ છુટાછેડા મેળવે ત્યારબાદ જ અગાઉના પતિ સાથે ફરી લગ્ન કરી શકે છે.

પવિત્ર કુરાન અનુસાર જયારે દંપતિ વચ્ચે છુટાછેડા લેવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે તેમના દ્વારા સમાધાનના તમામ પ્રયાસો કરેલા હોવા જરૂરી છે. આમ આ રીત દ્વારા મેળવેલ તલાકને કુરાનમાં મંજૂરી આપેલ છે. તે માત્ર મુસ્લિમ અંગત કાયદા (શરીયત કાયદો ૧૯૩૭) માં અપાયેલ અર્થઘટન અનુસાર મુસ્લિમ ન્યાયાધીશો દ્વારા તેને સમર્થન અપાયુ છે. જે

હલાલા લગ્ન , દ્વિપત્નિત્વ અને છુટાછેડા પર શાંત છે. મોટાભાગના મુસ્લિમ દેશોએ ત્રણ તલાક પર સ્પષ્ટ અને સર્વથા પ્રતિબંધ મૂકયો છે. જેમાનો એક આપણો પાડોશી દેશ પાકિસ્તાન પણ છે. તે ઉપરાંત તેમાં બાંગ્લાદેશ અને શ્રીલંકાનો પણ સમાવેશ થાય છે. તેમાં શ્રીલંકા કે જયાં મુસ્લિમ વસ્તી ૧૦% થી ઓછી છે તે દેશ ત્રણ તલાક સામે કાયદાનો અમલ કરવા માટે સૌથી આદર્શ દેશ છે. શ્રીલંકાના લગ્ન અને છુટાછેડા અધિનિયમ ૧૯૫૧ માં ૨૦૦૬ સુધીમાં સુધારા થયા તેમાં પણ ત્વરિત છુટાછેડાની જાણકારી નથી. ભારતમાં વ્યકિતગત કાયદામાં સુધારાને ઈસ્લામિક પ્રથામાં અપમાનજનક મનાય છે. શ્રીલંકામાં જો પતિ એ પત્ની ને છુટાછેડા આપવા હોય તો તે અંગે કાઝીને નોટિસ આપવાની હોય છે તે દંપતિ ને ૩૦ દિવસ નો સમાધાન માટે સમય પણ અપાય છે. ત્યાર બાદ જ પતિ પત્ની ને કાઝી અને બે સાક્ષીની હાજરીમાં છુટાછેડા આપી શકે છે. જયારે ભારતમાં આવી કોઈ પ્રક્રિયા ઈસ્લામિક ધર્મના ત્રણ તલાક માં અનુસરવામાં આવતી નથી અહી ફકત પતિની ઈચ્છા પ્રમાણે ત્રણ વખત " તલાક" બોલીને પતિ લગ્ન માંથી છુટકારો મેળવી શકે છે. ભલે તેમાં પત્નીની ઈચ્છા હોય કે ન હોય તે મહત્વનું નથી.

## ૨. ત્રણ તલાકનો ખ્યાલ

ત્રણ તલાક મુસ્લિમ સમાજમાં તલાક આપવાનો એ રસ્તો છે, જેમાં મુસ્લિમ પતિ પોતાની પત્ની ને ફકત ત્રણ વાર "તલાક .... તલાક.... તલાક......."કહીને પોતાના લગ્ન ગમે તે ક્ષણે તોડી શકે છે. આવી રીતે આપવામાં આવેલ તલાક માન્ય ગણાય છે, અને લગ્ન જીવનનો અંત આવે છે. એના પછી જો તે સ્ત્રી અને પુરુષ ફરી લગ્ન કરવા માગે તો "હલાલા" અનુસર્યા પછી જ લગ્ન થઈ શકે છે. હલાલા એક પધ્ધતિ છે કે જેમાં તલાક મેળવેલ સ્ત્રીએ પહેલા બીજા મુસ્લિમ પુરુષ સાથે લગ્ન કરીને રહેવાનુ હોય છે. આ વ્યકિત સાથે અમુક દિવસ રહયા બાદ ફરી આ વ્યકિતથી તલાક લઈને સ્ત્રી પોતાના પહેલા પતિ સાથે લગ્ન કરી શકે છે. ત્રણ તલાકને "તલાક–ઉલ–બિદ્દત" , "તત્કાલ તલાક" કે "તલાક–એ–મુઘલાજાહ" પણ કહેવાય છે.

દુનિયા ભરમાં ઘણા મુસ્લિમ આગેવાનોએ ત્રણ તલાકને બીન ઈસ્લામીક જાહેર કર્યા છે. આ આગેવાનો અનુસાર કુરાનમાં આ પ્રકારના કોઈ તલાક વિશે ઉલ્લેખ કરેલ નથી. આ વિશે આગેવાનો કહે છે કે પતિ અને પત્નિને તલાક પહેલા ઓછામાં ઓછા ત્રણ મહિના એક સાથે રહેવુ જોઈએ અને ત્યાર બાદ કાનૂની સલાહથી તલાક લેવા જોઈએ આ ત્રણ મહિનામાં તેઓએ તેમના બધા સગાંવહાલાંની મદદથી લગ્ન બચાવવા માટે કોશિશ કરવી જોઈએ. જો આ ત્રણ મહીના પછી પણ પતિ અને પત્નિ તલાક ઈચ્છે તો પુરુષ તલાકની જાહેરાત કરે છે અને લગ્ન તુટી જાય છે. ત્યારબાદ જો ફરી પતિ અને પત્નિ એક થવા માંગે છે તો હલાલા વિના પણ લગ્ન કરી શકે છે. હલાલા એ સમયે હોય છે જયારે એકજ દંપતિ સતત ત્રણ વખત તલાક લઈ ચૂકયા હોય અને ચોથી વાર ફરી લગ્ન કરવા માંગતા હોય.

## ૩. ત્રણ તલાક અને પવિત્ર કુરાન

પવિત્ર ગ્રંથ કુરાનમાં આવા કોઈપણ નિયમનો ઉલ્લેખ નથી. કાલીફ ઉમર નામના એક વ્યકિત દ્વારા આનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેને કુરાનમાં કોઈ સ્થાન મળ્યું ન હતું , હા પરંતુ કુરાનમાં તલાક આપવાની પ્રક્રિયા વિશે ચોકકસ જણાવવામાં આવ્યુ છે. કુરાનમાં તલાકને ન કરવા લાયક કામ ગણાવ્યુ છે. કુરાન અનુસાર તલાક આપ્યા પછી પણ જયારે સ્ત્રી સક્ષમ થઈ જાય તેમ છતાં પણ તેની સંપૂર્ણ જવાબદારી તેના પતિના ઉપર જ રહે છે. એટલુ જ નહી તલાક ત્યારે જ પૂર્ણ ગણવામાં આવે છે જયારે તેણી પત્નીનાં લગ્ન અન્ય વ્યકિત સાથે થઈ જાય. અત્યાર સુધીમાં આનો ખોટો ફાયદો ઉઠાવવામાં આવી રહયો હતો અને તેથી સ્ત્રીઓને શોષણનો ભોગ બનવુ પડતુ હતું.

## ૪. ત્રણ તલાક અંગે ચિંતા

મોટા ભાગના મુસ્લિમ પુરુષો તેમની સ્ત્રીઓ સાથે એક વસ્તુની જેમ વર્તે છે. તેઓ માને છે કે તેમને તેનો કબજો મળી ગયો છે અને તેઓ ઈચ્છે ત્યારે તેની સાથે લગ્ન કરી શકે અને ઈચ્છે ત્યારે ત્રણ વાર તલાક બોલીને તેમનાથી છૂટકારો મેળવી શકે છે.

પરંતુ એ નોંધવા જેવું છે કે મુસ્લિમ સ્ત્રીઓને તેમના પતિ દ્વારા કોઈપણ યોગ્ય કારણ અને સમર્થન વિના તરત તલાક આપી દેવાય છે અને ક્ષણભરમાં તેનુ જીવન ઉજ્જડ કરી દેવાય છે.અહી તે સ્પષ્ટ છે કે આ એક પુરુષ પ્રધાન સમાજ છે કારણ કે અહી કોઈપણ માધ્યમ જેવા કે ટેલિફોન, ટેલિગ્રામ, ટેક્સ્ટ મેસેઝ, પત્ર, સોશયલ મિડિયા વગેરે દ્વારા તલાક શકય છે. રાશીદ અહેમદ વિરૂધ્ધ અનીષા ખાતુનનાં (પ્રીવી કાઉન્સિલ,૧૯૦૫) કેસમાં, પતિ પોતાની પત્નિ ની ગેરહાજરીમાં પોતાના સાક્ષી સામે તેમની પત્ની ને ત્રણ વાર તલાક કહે છે.અહી તલાકનામાનો અમલ કરવામાં આવ્યો હતો અને છુટાછેડા માટેનું હુકમનામું મંજુર કરવામાં આવ્યુ હતું. ત્રણ તલાકના આ ખ્યાલે પતિને ખુબ જ પ્રભાવશાળી બનાવી દીધો હતો અને પત્નીને ખુબ જ નાજુક બનાવી દીધી હતી. ન્યાયમુર્તિ ક્રિષ્ના ઐયર દ્વારા સાચુ જ કહેવાયુ છે કે " તે એક ભ્રાંતિ છે કે મુસ્લિમ પુરુષો મુસ્લિમ કુરાનીક કાયદા હેઠળ આનંદ ભોગવે છે. નીચેના કારણો છે કે જે સાબિત કરે છે કે ત્રણ તલાકે મહિલાઓના અધિકારો અને હિતોને દબાવી દીધા છે.

૧. ત્રણ તલાક એ સ્ત્રીઓ પાસેથી દહેજ માંગવાના સાધન તરીકે ઉપયોગ થાય છે, કે જયારે કુરાનમાં દહેજને માન્ય ગણવામાં આવ્યું નથી.
૨. ત્રણ વખત તલાક બોલ્યા બાદ સ્ત્રીને સંપુર્ણ રીતે ઉજ્જડ કરી દેવામાં આવે છે સાથો સાથ તેને ભરણપોષણ પણ આપવામાં આવતું નથી.
૩. મોટા ભાગના કેસમાં ત્રણ તલાકનું ઉચ્ચારણ સ્ત્રીની ગેરહાજરીમાં જ કરવામાં આવે છે જે સંપુર્ણ મનસ્વી અને તર્કવિહિન છે. એક કેસ આઈશા બીવી વિ. કુદ્દિર ઈબ્રાહીમ (1910)[૩] Madras 22 માં પતિ તેની પત્ની ને ત્વરિત તલાક આપી દે છે એ પણ તેની ગેરહાજરીમાં અને કોઈ પણ કારણ વિના જ.
૪. કેટલાક કેસોમાં તલાક મેળવેલ સ્ત્રીને તેના બાળકો ને જોવાની કે મળવાની પરવાનગી અપાતી નથી કે તેમના પ્રત્યે કોઈ દયા કે કાળજી પણ દર્શાવી શકતી નથી. આ ઉપરાંત તે સ્ત્રીને તેના બાળકો સાથે ટેલિફોન દ્વારા પણ વાતચીત કરવા દેવામાં આવતી નથી.
૫. લગ્ન સમયે લગભગ ૫૦% મુસ્લિમ મહિલાઓએ મેહરનો ઈન્કાર કર્યો છે. મેહરની વિભાવના એટલા માટે લાવવામાં આવી કે જેથી જો સ્ત્રીઓ કયારેય આવી વિકટ પરિસ્થિતિ થઈ જાય તો તે તેના હિત નું રક્ષણ અને કવચ બની શકે પરંતુ મેહરને નકારવાથી તેઓ નબળી અને નિઃસહાય પરિસ્થિતિ માં મુકાઈ જાય છે.
૬. અમુક કિસ્સાઓમાં પુરુષ એવી માન્યતા ધરાવે છે કે તેની પાસે એવી દેખીતી સત્તા છે કે અન્ય કોઈ સ્ત્રી સાથે તે ઈચ્છે તો લગ્ન કરી શકે છે એ પણ તેની વર્તમાન પત્નીને ત્વરિત છુટાછેડા આપીને.
૭. ઘણા બધા કેસોમાં મહિલાઓ દ્વારા નોધાવમાં આવ્યુ છે કે ફરી લગ્ન કરવા માટે તેમના પતિ દ્વારા હલાલાની પ્રક્રિયા અનુસરવા માટે કહેવામાં આવ્યુ. આ દર્શાવે છે કે આ સમાજ કેટલો પુરુષ પ્રધાન છે અને આથી જ મુસ્લિમ સ્ત્રીઓને કેટલી મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે.
૮. મુસ્લિમ સ્ત્રીઓ ને જયારે તેમના પતિ દ્વારા તલાક આપવામાં આવે છે ત્યારે તેમની સ્થિતિ ખુબ જ ખરાબ અને સંવેદનશીલ બની જાય છે અને તેઓના પતિ દ્વારા આવનારુ જીવન એકલતા પુર્વક જીવવા માટે છોડી દેવામાં આવે છે આ સમાજ કે જયાં છુટાછેડા મેળવેલ સ્ત્રીને સ્વીકારવામાં પણ આવતી નથી ત્યાં તેવી સ્ત્રીને પુનઃલગ્ન કરવા એ સહેલી વાત નથી. તેને સમાજમાં ત્યજી દેવાયેલ અને નિરૂપયોગી ભાગ તરીકે ગણવામાં આવે છે. આવી સ્ત્રીઓ હંમેશા પ્રેમ અને પ્રોત્સાહનની અપેક્ષા રાખે છે કે જેનાથી તેમને હંમેશા બાકાત રાખવામાં આવેલ હોય છે.

## ૫. મનસ્વીપણાનો અંત

ત્રણ તલાકની મનસ્વી પ્રથા આખરે આપણા દેશની સર્વોચ અદાલત દ્વારા અટકાવાઈ છે. બહુમતી ન્યાયમુર્તિઓની દ્રષ્ટિએ, ન્યાયમુર્તિ રોહીનટોન એફ નરીમન અને ઉદય યુ લલીતઃ"ત્રણ તલાક જ એકલો પડકારનો મુદ્દો છે , તલાકના અન્ય સ્વરૂપો નહી..... આ તલાકના સ્વરૂપનો અંત એવો છે કે વૈવાહિક બંધનને મુસ્લિમ પુરુષ દ્વારા તેને બચાવવા માટે કોઈ સમાધાન કરવાનો પ્રયત્ન કર્યા વિના મૌખીક અને ભ્રામક રીતે તોડી શકાય છે "

મુસ્લિમ વિવાહીત દંપતી વચ્ચે જયારે પણ છુટાછેડાનો પ્રશ્ન ઉભો થાય ત્યારે કોઈપણ પ્રકારના તલાકમાં સૌ પ્રથમ સમાધાનની રીતને અપનાવવી એ મુસ્લિમ કાયદામાં મૂળભૂત સિધ્ધાંત છે. પવિત્ર કુરાનમાં "અત્યંત અનિવાર્ય પરિસ્થિતિ" માં જ તલાકને પરવાનગી આપે છે. જસ્ટિસ કુરીયન જોસેફ માને છે કે ત્વરિત ત્રણ તલાક સ્પષ્ટ રીતે કુરાનના મૂળભૂત સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે અને પરીણામે તે શરીયતનું ઉલ્લંઘન કરે છે. તેઓ જસ્ટીસ નરીમન સાથે સંમત થયા હતા કે ત્રણ તલાક એ મુસ્લિમ પર્સનલ લૉ નો આવશ્યક ભાગ નથી. આ ઉપરાંત શરીયત કાનૂન એ ત્રણ તલાકનું નિયમન કરતો કાયદો નથી. શરીયત અધિનિયમ ૧૯૩૭ નો મુખ્ય હેતુ એ મુસ્લિમ પર્સનલ લૉ માંથી બિનઈસ્લામીક અને દમણકારી રીતિ રીવાજોને અટકાવી અને તેમને દૂર કરવાનો હતો. ત્રણ તલાક પુરુષ અને સ્ત્રી વચ્ચે સમાન પગલાનાં મૂળભૂત સિધ્ધાંતનુ ઉલ્લંઘન છે અને તે કુરાનમાં મધ્યસ્થ સિધ્ધાંત ગણાય છે, અને તેથી જ તે શરીયતનો ભાગ નથી. અને તેને શરીયત અધિનયમ હેઠળ લાગુ કરી શકાતો નથી.

ન્યાયમુર્તિ રોહીનટોન ફલી નરીમન , ઉદય ઉમેશ લલીતે ત્રણ તલાકને મુસ્લિમ સ્ત્રીઓના સમાનતાના અધિકારનો ભંગ ગણાવ્યો અને તેથી મુસ્લિમ પર્સનલ લૉ શરીયત અધિનયમ ૧૯૩૭ ની કલમ ૨ ના અમુક ભાગને રદ બાતલ ગણાયો કે જે સ્પષ્ટપણે મનસ્વી હતો, અને જે સમાધાન માટેના પ્રયત્નો વિનાનો હતો.

### ૬. શાહબાનો કેસ

### *૬.૧ મહોમ્મદ અહેમદખાન વિ. શાહબાનો બેગમ અને બીજા (1985 SCR (3) 844)*

વર્ષ–૧૯૭૮ માં શાહબાનો નામની એક મહીલા ત્રણ તલાકનો ભોગ બની હતી તેને તેના પતિ દ્વારા ત્રણ તલાક આપવામાં આવ્યા હતા જે સમયે તેણીને તેના પતિ મોહંમદ ખાને તલાક આપ્યા હતા ત્યારે તેણીની ઉંમર ૬૨ વર્ષ હતી એટલુ જ નહી પરંતુ શાબાનોને ૫ સંતાનો પણ હતા. તેના પતિ એ બીજા લગ્ન કરી લીધા હતા અને આ બીજા લગ્ન કર્યાના કેટલાક વર્ષો બાદ શાહબાનોને તલાક આપી દીધા હતા. મોહંમદ ખાને શાહબાનોની સાથે સાથે તેમના સંતાનો માટે પણ કોઈ પ્રકારનો ખર્ચ આપવાની મનાઈ કરી દીધી હતી. પોતાના પતિ દ્વારા તલાક મળ્યા બાદ પોતાના ગુજરાન માટે શાહબાનો એ મધ્ય પ્રદેશની એક નીચલી અદાલતમાં કેસ દાખલ કર્યો હતો જેમાં તેની જીત થઈ હતી. અને અદાલત દ્વારા તેના પતિ એ શાહબાનોને દર મહિને રૂપિયા પચ્ચીસ આપવાનો આદેશ કર્યો હતો. આ રાશીને વધારવા માટે શાહબાનોએ ફરીથી મધ્ય પ્રદેશ ની હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો જેના બાદ તેના ભરણપોષણની રાશી વધારીને પચ્ચીસ થી રૂ. ૧૭૯ કરી દેવામાં આવી હતી.

મધ્ય પ્રદેશ હાઈકોર્ટના આ ફૈંસલાના વિરોધમાં શાહબાનોના પતિએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. ત્યારબાદ આ કેસ સર્વોચ્ચ અદાલતમાં ચલાવવામાં આવ્યો. જયાં ભારતમાં સમાન નાગરિક ધારા ઉપર પણ પ્રશ્નો ઉઠયા હતાં અને આ કેસ શાહબાનોના નામથી ઓળખાવા લાગ્યો. આ કેસ પર મધ્ય પ્રદેશ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને માન્ય ગણવામાં આવ્યો હતો. પરંતુ આ કેસમાં અસલી વળાંક ત્યારે આવ્યો જયારે તે સમયના પ્રધાનમંત્રી રાજીવ ગાંધી એ કોર્ટના આ આદેશ ને સંપૂર્ણ રીતે બદલી નાખ્યો. તેમણે ૧૯૮૬માં મુસ્લિમ મહિલા (તલાક અધિકારો ) અધિનિયમ સંસદમાં પાસ કરાવી લીધો. આ અધિનિયમ પ્રમાણે મુસ્લિમ મહિલાને જો તેનો પતિ ત્રિપલ તલાક આપે છે. તો ફકત ૯૦ દિવસ એટલે કે ૩ મહિના સુધી જ તેણે પોતાની પત્નિ ને ભરણપોષણ આપવાનું રહેશે. અને તેથી જ તે સમયે શાહબાનો જીતીને પણ હારી ગઈ હતી. આ વખતે થઈ સાયરાબાનોની જીત

આ જીત એ ખરેખર એવી સ્ત્રીઓનો વિજય છે કે જે આ ત્રાસદાયક ત્રણ તલાક દ્વારા અત્યાચારનો સામનો કરી રહી હતી. ૮૦ ના દાયકા માં ભલે શાહબાનો જીતી ને પણ હારી ગઈ હતી. પરંતુ આ વખતે ભારત સરકારે સાયરાબાનો નામની સ્ત્રીનો સાથ આપ્યો છે. શાયરા બાનો કે જે કેસની મુખ્ય અરજદાર અને હાલમાં એમ.બી.એ. ની વિદ્યાર્થીની છે. તે સમગ્ર દેશની મુસ્લિમ મહિલાઓ માટે એક આશાનું કિરણ બની હતી. તેના પિતા શ્રીમાન ઈકબાલ અહેમદે જયારે તેમની પુત્રી આ ત્રણ

તલાકનો ભોગ બની ત્યારે ન્યાય માટે લડત કરવાનું નક્કી કર્યુ. તેમની પુત્રીને તેના પતિ દ્વારા ડિસેમ્બર ૨૦૧૫માં તલાક આપવામાં આવ્યા હતા. અને તે અંગે નું તલાકનામું તેણીના ઘરે પોસ્ટ દ્વારા મોકલાવ્યુ હતુ અને ૧૫ વર્ષના લગ્ન ને ક્ષણમાં તોડી નાખ્યા હતા. બે મહિના બાદ તેણીની સુપ્રિમ કોર્ટમાં ગઈ અને દલીલ કરી કે." મુસ્લિમ પતિનો સળંગ ત્રણ વખત તલાક બોલીને છુટાછેડા આપવાનો અધિકાર સંપૂર્ણપણે એકપક્ષીય, વિસંગત, નિરપેક્ષ અને કોઈ પણ જાતના તર્ક વિનાનો છે. તે મુસ્લિમ સંસ્કૃતિ માં કયાંય સ્પષ્ટ નથી અને તે મુસ્લિમ કાયદાનો ભાગ નથી.

દિલ્લી માં એક ૨૮ વર્ષ ની મુસ્લિમ સ્ત્રી કે જે પોતાના પતિ સામે ત્રણ વર્ષ થી ત્રણ તલાક અંગે લડી રહી છે. અને તે માટે દાવો કરેલ હતો. તેને કહયું હતું કે તે હવે ભરણપોષણ માટે ફરીથી કોર્ટ સમક્ષ જશે. તેના પતિ એ તેને ભરણપોષણ આપવાનો ઈન્કાર એ ધોરણો ને ધ્યાન માં રાખીને કર્યો કે તેણે તેની પત્નિ ને ત્રણ તલાક આપેલ છે. અને તેથી તે મહેર સિવાય કંઈ પણ ચુકવવા બંધાયેલો ન હતો.

આ લાંબી લડાઈ બાદ જીત મેળવવાથી સમગ્ર દેશોમાં મુસ્લિમ સ્ત્રીઓ ખુશખુશાલ છે. આ ચુકાદા દ્વારા ભારતીય બંધારણ અને ન્યાય વ્યવસ્થામાં એકવાર ફરી લોકોનો વિશ્વાસ પુન : સ્થાપિત કર્યો છે.

### ૭. અન્ય કેટલાક ચુકાદાઓ

અમદાવાદ વિમેન એકસન ગ્રુપ વિ. યુનિ.ઓફ.ઈન્ડિયા (AIR(1997) 3 SCC 573)

મુસ્લિમ કાયદા પ્રમાણે મુસ્લિમ પુરુષ ને ચાર લગ્ન કરવાનો અધિકાર છે, તે સાથે છુટાછેડામાં પણ વિશેષ અધિકાર છે , જેમાં પતિ ન્યાયિક પ્રકિયા વિના 'તલાક' શબ્દ નો ઉચ્ચાર કરીને છુટાછેડા લેવાનો અધિકાર ધરાવે છે. અને આ સ્ત્રીની સંમતિ વિના થઈ શકે છે. આ બંને મુદ્દાઓને સંબોધતા આ કેસમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી.

આ કેસની દલીલોને ધ્યાનમાં લેતા કોર્ટનો અભિપ્રાય હતો કે, ભારત અને ભારતીયો અંગત કાયદાઓ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. તે પણ સમયના ગાળાને ધ્યાનમાં લીધા વિના. કોર્ટના માનવા પ્રમાણે કોર્ટ દ્વારા હસ્તક્ષેપથી અનિચ્છનીય પરિણામ સર્જાય છે. કારણકે વ્યકિતગત કાયદાનો ચુકાદો અદાલતોના અધિકારક્ષેત્રની બહાર હતો. અને અરજી નકારી કાઢવામાં આવી હતી.

### *૭.૧ શામીમ આરા વિ. સ્ટેટ ઓફ યુ.પી. ( MANU/SC/0850/2002)*

આ કેસમાં અરજી કરનારે ૧૯૪૮ માં એક વ્યકિત સાથે મુસ્લિમ પર્સનલ લૉ મુજબ લગ્ન કરેલ હતાં અને તેને ચાર પુત્રો હતા. તેની પત્નિ એ સીઆર.પી.સી. ની કલમ ૧૨૫ હેઠળ અદાલતમાં અરજી કરી. દાવો કર્યો કે તેના પતિએ તેને છોડી દીધી છે અને આ ક્રૂરતા છે. ફેમીલી કોર્ટ દ્વારા તેણીની અરજીને નકારી કાઢવામાં આવી. અને તે પણ ફકત એ આધાર પર કે તેણી પહેલેથી જ છુટાછેડા મેળવેલી હતી. ગમે તેમ કરીને રૂા. ૧૫૦ તેના એક પુત્રના ભરણપોષણ માટે માન્ય કરવામાં આવ્યા.

અહીં સ્ત્રી દ્વારા તેના છુટાછેડાને નકારી કાઢવામાં આવ્યા. સુપ્રીમ કોર્ટે એવો અભિપ્રાય આપ્યો હતો કે તલાકની માત્ર અરજી જ માન્ય કરાશે નહી. તે માટે તલાક મેળવવાની કુરાનિક પ્રકિયા પૂર્ણ કરવી જરૂરી છે.

### *૭. ૨ રાશીદ અહેમદ વિ. અનીશા ખાતુન (પ્રીવી કાઉન્સિલ , ૧૯૦૫)*

આ કેસ માં અરજી કરનાર અનીશા ખાતુને પોતાના છુટાછેડા ને પડકાર્યા હતા. કારણકે તેનો પતિ ઘીયાસ–ઉદ્દ–દિને ત્રણ વખત 'તલાક' ઉચ્ચારીને તેની ગેરહાજરીમાં અને બે સાક્ષીઓની હાજરીમાં તલાક આપ્યા હતાં અને તલાક પછી પણ તેઓ ૧૫ વર્ષ સુધી સહ–યથાયોગ્ય હતા. અને તેમને પાંચ બાળકો હતા. પ્રીવી કાઉન્સલે ત્રણ તલાક ને સમર્થન આપ્યું.

### ૭.૩ જીયાઉદ્દીન અહેમદ વિ. અનવારા બેગમ (ગુવાહાટી વડી અદાલત, ૧૯૮૧)

આ કેસમાં અદાલતે જણાવ્યુ કે કોઈપણ કારણ વિના સમાધાનના પ્રયાસો વિના અને સગા–વહાલા, મધ્યસ્થીઓની સંડોવણી વિના આપેલ 'તલાક–એ–બિદ્દત ' એ યોગ્ય છુટાછેડા નથી. મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશ થી ભરણપોષણ આપવાના આદેશ નું પાલન કર્યુ.

## ૮. ત્રણ તલાક બીલ અને સુપ્રિમ કોર્ટનો અંતિમ ફેંસલો

કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે લોકસભામાં ત્રણ તલાક બિલ અથવા મુસ્લિમ મહિલા બિલ ૨૦૧૭, પ્રસ્તુત કર્યુ. રવિશંકર પ્રસાદે ત્રણ તલાક ને ગેરકાનૂની ગણાવી મુસ્લિમ મહિલાઓના અધિકારો ની રક્ષા માટે ત્રણ તલાકનો અંત કરવા સંસદમાં રજુ કર્યુ. અને કહયું કે ત્રણ તલાક એ વિશ્વાસ કે ધર્મની બાબત નથી પરંતુ લિંગ ન્યાય, લિંગ સમાનતા અને લિંગ ગરિમાનો પ્રશ્ન છે. તેમા જે સ્ત્રીઓ ભોગ બનેલી છે તેમનું દુઃખ તેમના સિવાય અન્ય કોઈ સમજી શકે નહિ. આ બિલ પાસ થયા બાદ મુસ્લિમ સ્ત્રીઓ પર દમન અને મનમાની નહી ચાલે. અને આ દિવસથી ભારત સરકાર મહિલા સશકિતકરણની તરફ વધુ એક પગલુ ઉઠાવશે.

૨૨ ઓગષ્ટ ૨૦૧૭ ની સવારે ભારતની સર્વોચ્ચ અદાલતે ત્રણ તલાક પર પોતાનો ચુકાદો સંભળાવ્યો. આ કેસની સુણાવણી કરવા માટે પાંચ જજો ની બેંચ બનાવી હતી. જેમાં ચિફ જસ્ટિસ જે. એસ.ખેહર, જસ્ટિસ કુરીયન જોસેફ, જસ્ટિસ અબ્દુલ વજીર સામેલ હતાં. સર્વોચ્ચ અદાલતે ૩૬૫ પાનાનાં ચુકાદામાં ૩:૨ ની બહુમતથી ત્રણ તલાકને અસંવિધાનિક જાહેર કરી દીધુ છે. આ ચુકાદા પર પાંચ જજોની બેંચમાંથી ૩ જજો એ આ ફેંસલાનું સમર્થન કર્યુ જ્યારે ૨ ન્યાયાધીશો દ્વારા આ ચુકાદાનો વિરોધ કરાયો. આ રીતે મુસ્લિમ લોકોમાં કેટલાય વર્ષોથી ચાલી આવી રહેલી આ કુપ્રથા પર સર્વોચ્ચ અદાલત દ્વારા મહોર લગાવી દેવાઈ અને હવેથી ત્રણ તલાક સંપૂર્ણ પણે ગૈરકાનૂની ગણવામાં આવશે. આ ચુકાદાથી મુસ્લિમ સ્ત્રીઓ એ રાહતનો શ્વાસ લીધો. પ્રધાનમંત્રી મોદી સહિત કેટલાય નેતાઓએ આ ચુકાદાને સ્વીકારીને મુસ્લિમ મહિલાઓને અભિનંદન આપ્યા, અને ૬ મહિનામાં સરકારને આના પર કાયદો બનાવવાનું કહેવામાં આવ્યુ.

## ૯. ત્રણ તલાક આપવા પર સજા તેમજ નિયમ

ત્રણ તલાક ને ગેરકાનૂની ગણાવનાર આ બીલમાં સરકારે સજા ની જોગવાઈ કરેલ છે. જો કોઈ પણ વ્યકિત ત્રણ તલાક આપતા પકડાયા તો ત્રણ વર્ષ સુધીની સજા કરવાની જોગવાઈ સામેલ છે. આ ઉપરાંત જો કોઈ સ્ત્રીનો પતિ તેણીને તેમ છતાં ત્રણ તલાક આપે છે અને તેને લઈને તેના પતિને સજા થઈ જાય છે તો આ પરિસ્થિતિમાં તે મહીલાને તેના પતિની સંપત્તિમાં હક્ક આપવામાં આવશે જો તેના પતિ પાસે કોઈ સંપત્તિ નહી હોય તો તેવા સમયે તે મહિલા અને જો બાળકો હોય તો તેની મદદ સરકાર દ્વારા કરવા અંગેના નિયમ પણ આ બીલ માં મુકવામાં આવી શકે તેમ છે.

## ૧૦. ઉપસંહાર

બંધારણમાં પુરુષ અને સ્ત્રીને એકસમાન ગણવામાં આવ્યા છે. તો તેમના અધિકાર પણ સમાન હોવા જોઈએ. ધર્મ, પ્રથાઓ, સમય અનુરૂપ બદલાવી જોઈએ. મહીલાઓના સમાન અધિકારનું મહત્વ આપણે દેશને, આવનારી નવીપેઢીને સમજાવવું પડશે. આપણા દેશમાં લગભગ અડધી સંખ્યા સ્ત્રીઓની છે અને તેઓને પાછળ રાખીને આપણે કયારેય પ્રગતિ તરફ નહી જઈ શકીએ. આપણે આવા તીખા પ્રશ્નો ઉઠાવવા પડશે અને લોકોને સમજાવવા પણ પડશે અને આ દરેક ધર્મ પર લાગુ પડે છે.

સર્વોચ્ચ અદાલત દ્વારા ત્રણ તલાક પર પ્રહાર કરીને એક સુધારાત્મક પગલુ લીધુ છે જે પ્રગતિશીલ રાષ્ટ્રોને રૂઢિચુસ્ત વિચારધારામાંથી સ્ત્રીઓને બહાર લાવશે અને તેમના રૂપાંતર માટે નવા ધ્વાર ખોલશે. આ ચુકાદો ચોકકસપણે દેશમાં

Vol. 6, Issue: 2, February: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

મુસ્લિમ મહિલાઓ માટે સમાનતાના નવા યુગની શરૂઆત કરે છે. સુપ્રીમ કોર્ટ ત્રણ તલાકને ગેરબંધારણીય અને ગેરકાનૂની ગણાવીને ફરી એકવાર એક નવી આશા આપી છે અને આપણને ન્યાય પ્રથા પર વિશ્વાસ અપાવ્યો છે.આ ખુબ જ જરૂરી હતું કેમ કે તેનાથી ભારતીય બંધારણના અનુચ્છેદનો ભંગ થતો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કહે છે કે ,

" માનનીય સુપ્રિમ કોર્ટે આપેલ ત્રણ તલાક પર નો ચુકાદો ઐતિહાસિક છે તે મુસ્લિમ મહીલાઓને સમાનતા આપે છે અને મહિલા સશકિતકરણ માટેનો એક શકિતશાળી માપદંડ ઉભો કરે છે."

સંદર્ભ


1. AIR 1932 PC 25.
2. AzazAshraf,http://scroll.in/article/806299/if-pakistan-and-21-other-countries-have-abolished-triple-talaq-why-shouldn't-india.
3. Pathak, Amit kumar and S,Swati (2017). Triple Talaq Verdict: End of an Era of Tyranny.Legal News & Views,
4. Referred to in the book on mohammedan law by aqil Ahmad.
5. Suhangi, Siddhi (2017).Triple Talaq and Muslim Marriages. Scholar's Paradise, 1(9), 1-15
6. www.englishsafari.in/essay-on-triple-talaq